જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૫/૨૦૧૭ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**

**સમાચાર યાદી નં.૧૦૧૦/૧૭**

**એસ.ઓ.જી./ક્રાઇમબ્રાન્ચ :**

અમદાવાદ શહેરમાં લાયસન્સ વગર ચાલતી પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીઓ પર કાયદેસરની કાર્યવાહી કરતી એસ.ઓ.જી. તથા ક્રાઈમ બ્રાન્ચ

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ લાયસન્સ વગર ચાલતી પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીઓ શોધી ગુના દાખલ કરવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી./ક્રાઈમ બ્રાન્ચ ના અધિકારી/કર્મચારીઓની કુલ-૧૪ ટીમો પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી (નિયમન) અધિનિયમ સને-૨૦૦૫ ની કલમ ૨૦(૧), ૨૨ મુજબ (૧) એલીસબ્રીજ પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૧૧૧/૨૦૧૭, આરોપી : ગોપાલસિંહ હમીરસિંહ ચિતાવત, રહે. ૪, ગીરનાર સોસાયટી, પીટી કોલેજ પાછળ, એલીસબ્રીજ, અમદાવાદ શહેર, (૨) ગોમતીપુર પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૦૯૧/૨૦૧૭ આરોપી : સુભાષભાઈ રામલાલ ગુપ્તા, રહે. ધુળાભાઈની ચાલી, ગોમતીપુર, અમદાવાદ શહેર, (૩) આનંદનગર પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૦૪૯/૨૦૧૭ આરોપી : અશોકકુમાર શીવાભાઈ ગોહેલ, રહે. ૧૨/૧૩, આશુતોષ કો.હા. સોસાયટી, શીવાલય ફ્લેટની બાજુમાં, વેજલપુર, અમદાવાદ શહેર, (૪) કાગડાપીઠ પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૦૮૬/૨૦૧૭ આરોપી : નિતેષ શિવકિશોરસિંહ રાઠોડ, રહે. ૬/૧૨૩, યાદવનગર, હાટકેશ્વર બસ સ્ટેશન પાછળ, ખોખરા, અમરાઈવાડી, અમદાવાદ શહેર, (૫) વસ્ત્રાપુર પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૦૩૯/૨૦૧૭ આરોપી : ઉદેવીરસિંગ છોટેસિંગ ચૌહાણ, (૬) રામોલ પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૧૧૫/૨૦૧૭ આરોપી : સતીષ મહારાજસિંગ કુશ્વાહ (રાજપુત), રહે. બી/૧૨૪, આયોજનનગર, વીંઝોલ સર્કલ પાસે, પંચરત્ન રેસીડેન્સીની બાજુમાં, વટવા જી.આઈ.ડી.સી., અમદાવાદ શહેર (૭) કાલુપુર પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૧૭૩/૨૦૧૭ આરોપી : રાકેશ જગદીશભાઈ તીવારી, રહે. ૪૯૦/૧, જીતનાથ મહાદેવ, કાકરીયા રોડ, સીટી મીલ કમ્પાઉન્ડની બાજુમાં અમદાવાદ શહેર, તથા (૮) શહેરકોટડા પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૦૭૩/૨૦૧૭ આરોપી : રણધીર ચરણ ઈચ્છારામ ગોસ્વામી, રહે. ૩૮૬/૨૬, લાલભુરાની ચાલી, રખિયાલ, અમદાવાદ શહેર વિગેરે લાયસન્સ વગર સિક્યુરીટી ચલાવતા હોય તેઓ તમામ વિરૂધ્ધ સિક્યુરીટી એક્ટ મુજબ ગુન્હા દાખલ કરવામાં આવેલ છે તેમજ શહેરી વિસ્તારમાં અન્ય ગેરકાયદેસર ચાલતી



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

સિક્યુરીટીઓને શોધી કાઢવા માટે એસ.ઓ.જી. તથા ક્રાઈમ બ્રાન્ચની વિવિધ ટીમો દ્વારા કાર્યવાહી ચાલુ છે.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જે કોઈ કંપનીઓ તેમજ રહેણાંક મકાનો (સોસાયટીઓ) માં સિક્યુરીટી ગાર્ડ રાખવામાં આવે છે તે તમામને સુચના છે કે સિક્યુરીટી ગાર્ડ રાખતા પહેલા તે ગાર્ડ જે સિક્યુરીટી એજન્સીનો છે તે કંપની પાસે પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી ચલાવવાનુ અધિકૃત લાયસન્સ છે કે કેમ ? તેની ખરાઈ કરી ત્યાર પછી જ સિક્યુરીટી ગાર્ડને રાખવા અન્યથા આવી ગેરકાયદેસર લાયસન્સ વગરની ચાલતી સિક્યુરીટી એજન્સીના સિક્યુરીટી ગાર્ડને વોચમેન તરીકે રાખવો જોખમી છે ગેરકાયદેસર છે અગાઉ પણ આવા અનઅધિકૃત એજન્સીના ગાર્ડ રાખવાથી ગુનાહીત બનાવો બનેલ છે જેથી લાયસન્સ ધરાવતી સિક્યુરીટી એજન્સીના જ સિક્યુરીટી ગાર્ડ રાખવા વિનંતી છે.

તા.૧૨/૦૫/૨૦૧૭

## **સરદારનગર પોલીસ સ્ટેશન :**

(પ્રોહીબીશન ગણના પાત્ર કેશ )

પોલીસ કમીશ્નર શ્રી તથા સયુંક્ત પો.કમી શ્રી સેકટર -૨ સાહેબના માર્ગદર્શન હેઠળ ના.પો.કમી શ્રી ઝોન-૪ તથા મ.પો.કમી શ્રી જી' ડીવીજન સાહેબની સુચનાથી પો.ઇન્સશ્રી એચ.બી ઝાલા સાહેબ નાઓએ કરેલ જાણ હેઠળ આજરોજ પો.સ.ઇ કે.એમ.ચૌધરી તથા સાથેના સ્ટાફના તથા મ.સ.ઇ પરમેશ્વરસિંહ કરણસિંહ બ,ન ૭૩૩૮ તથા મ.સ.ઇ અરવીંદસિંહ શંકરસિંહ બ.ન ૬૪૦૯ તથા પો.કો કિપાલસિંહ બ.ન.૮૮૨૧ તથા પો.કો કપીલભાઇ કાંતીલાલ બ.નં.૯૮૯૮ તથા મનોજસિંહ નિર્મળસિંહ બ.ન.૦૦૫૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે સરદારનગર પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સત્યનારાયણ દુધઘર આગળ આવતા પો.સ.ઇ પી.જે.ખરસાણ નાઓએ મોબાઇલથી પો.સ.ઇ કે.એમ.ચૌધરી નાઓને બાતમી આપેલ કે સીંગલચાલી મોટવાણી બંગ્લા પાસે રહેતો અનીલ ઉર્ફે ભુરીયો રોહીદાસ નાઓ પોતાના કબ્જા ભોગવટા વાળા મકાનમા સીલ્વર કલરની ગાડી જીજે ૦૧ આર.યુ ૧૨૧૯ મા કેટલોક દેસીદારૂનો જથ્થો ભરી પોતાના કબજા ભોગવટા વાળા મકાનના પાર્કીંગમા મુકી રાખેલ છે, અને સગેવગે કરી નાખવાની તૈયારીમા છે જે હકીકત આધારે પંચો સાથે રેડ કરતા સદરી મકાનમા રેડ કરતા એક <u>સિલ્વર કલરની મહીંદ્રા KUV 100 ગાડી નંબર GJ-01-RU-1219 મા "દેસીદારૂ ૩૬૦ લીટર" કિ.રૂ ૭૨૦૦/ તથા ગાડીની કિ.રૂ ૪,૦૦,૦૦૦/-નો મળી કુલ્લે મુદ્દામાલ ૪,૦૭,૨૦૦/-નો</u> મળી આવેલ પરંતુ સદરી મકાનમા કોઇ હાજર નહિ મળી આવેલ જેથી સદરી ઉપરોક્ત મુદ્દામાલ પંચનામા વિગતે તપાસ અર્થે કબ્જે કરી તેમજ સદરી મકાન <u>અનિલ ઉર્ફે ભુરીયા રોહીદાસ ઘમંડે રહે સીંગલચાલી છારાનગર મોટવાણીબંગ્લાપાસે કુબેરનગર</u> નાઓનુહોવાનુ જાણવા મળતા સદરી ઇસમ વિરૂધ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધવામા આવેલ છે. આમ,. સરદારનગર પોલીસ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામા આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>શહેરકોટડા પોલીસ સ્ટેશન :</u>**

## છેલ્લા બે વર્ષથી રાયોટીંગના ગુન્હામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતો શહેરકોટડા વ્હીકલ સ્કોર્ડ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી પિયુષ પટેલ સાહેબ શ્રીની સુચનાથી ઇ.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ ઉષા રાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઇ સાહેબ ના માર્ગદર્શન મુજબ ઇ.પોલીસ ઇન્સપેકટર શ્રી એમ.ડી.ઉપાધ્યાય સાહેબની સુચનાથી પો.સ.ઇ. જે.એ.બારોટ તથા સાથેના વ્હીકલ સ્કોર્ડના માણસો સાથે અમદાવાદ શહેરના નાસતા ફરતા/પાસા વોન્ટેડ આરોપી પકડવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન વાસણશેરીના નાકેથી શહેરકોટડા પોલીસ સ્ટેશનના રાયોટીંગના ગુનામા છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી નામે ધર્મેન્દ્ર ઉર્ફે ઘેલીયો ઉર્ફે ઢોલીયો સ/ઓ ભરતભાઇ ભાવસાર ઉ.વ.૪૨ રહે મકાન નં-૧૪૬૯ નાની વાસણશેરી સરસપુર અમદાવાદ શહેર નાને આજરોજ તા.૧૧/૦૫/૨૦૧૭ ના રોજ કલાક ૧૩/૦૦ વાગે મળી આવતા શહેરકોટડા પો.સ્ટે. ના ફસ્ટ ગુ.ર.નં.-૧૭૭/૧૫ ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩, ૭ મુજબ અટક કરેલ હોય.

સદરી આરોપીની વધુમા પુછપરછ કરતા ગઇ તા.૨૫/૮/૨૦૧૫ ના રોજ રાત્રીના કલાક ૨૧/૩૦ વાગ્યાના સુમારે ગેરકાયદેસર મંડળી રચી આશરે પાંચસો માણસોના ટોળાએ સરસપુર ચાર રસ્તા ખાતે આવી પોલીસ વિરુધ્ધમા સુત્રોચાર કરતા હતા અને પોલીસ ઉપર પથ્થરમારો કરી અને સરસપુર ચોકીનુ બોર્ડ, એલસીડી કોમ્પ્યુટર, ખુરશી ટેબલ, બાકડા, રજીસ્ટરોને આગ લગાડીને ચોકીને નુકશાન કરેલ અને શહેરકોટડા વન ગાડીનો કાચ પણ તોડી નાંખી તેમજ પોલીસના બીજા વાહનોને પથ્થર મારી તેમજ અન્ય સાધનોથી નુકશાન પહોંચાડેલ હતુ જેની શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફ.૧૭૭/૧૫ ધી ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩. ૭ થી ફરીયાદ દાખલ થતા ઉપરોકત આરોપી નાસતો ફરતો હોય અને આજદિન સુધી મણીનગર ખાતે તેના પિતરાઇ ભાઇ વિનેશકુમારના ઘરે રહેતો હોવાનુ જણાવેલ જેને ખાનગી બાતમી આધારે આજરોજ પકડી આગળની કાર્યવાહી પો.સબ.ઇન્સ જે.એ.બારોટ નાઓએ હાથ ધરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## <u>સુરક્ષા સેતુ રથ :</u>

એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.













**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)